જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૮/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૩૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૫	૧	૧૧૬૩૬	૧૭૭૪૬	૧	૧૭૭૪૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૬	૦	૧૦૬	૩૬૭	૦	૩૬૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૭૧૯૭	૭૭	૬૭૨૭૪	૬૭૯૬૫	૭૯	૬૮૦૪૪
કુલ		૮૩૬૭૦	૭૮	૮૩૭૪૮	૯૨૩૪૬	૮૦	૯૨૪૨૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૩	૨,૯૩,૩૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૭૧	૧૦,૭૧,૦૦૦/-

ચોરી ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન :

બે આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી નારોલ પોલીસ સ્ટેશનનો ઘરફોડ ચોરીનો ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન હેઠલ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૬/૦૮/૨૦૨૧ ના કલાક ૨૦/૪૫ વાગે ચંડોળા પાળ દશામાના મંદિર પાસેથી અ.હે.કો પ્રભાતસિહ દેવુભા તથા એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ તથા લોકરક્ષક કૃષ્ણસિહ રમેશભાઇ નાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૧) ફારૂક ઉર્ફે બોખો મહેબુબભાઇ મન્સુરી ઉ.વ ૨૯ રહે,રોશની પાર્ક સોસાયટી સલીમભાઇની કરીયાણાની દુકાનની ગલીમા દયારામ ફેકટરી સામે વટવા અમદાવાદ શહેર તથા (૨) આશિફ યુસુફભાઇ પટેલ ઉ.વ ૩૦ રહે,મ.નં ૨૨ સરતાજ રો-હાઉસ અલહમદો મસ્જીદની બાજુમા બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેરનાઓને ચોરીનો મુદ્દામાલ એક પેનાસોનીક કંપનીની એલ.સી.ડી ટી.વી મોડલ નં TH-L32D25D કિંમત રૂપિયા ૫૦૦૦/-તથા એક જેન્ટસ કાંડા ઘડિયાળ કિંમત રૂપિયા ૩૦૦/-તથા એક એમ.આઇ કંપનીની પાવર બેન્ક ચાર્જીંગ વાયર સાથેની કિંમત રૂપિયા ૧૫૦૦/-તથા એક ગ્રે કલરનો જેન્ટસ પર્સ જેમા એક પાનકાર્ડ નંબર EEKPP1737R તથા એક ચુટણી કાર્ડ નં-RIQ2728665 તથા એક ડ્રાઇવિંગ લાયસન્સ નંબર GJ27 20180008127 તથા એક આધાર કાર્ડ નં-૪૫૧૯૭૪૩૮૭૬૩૬ તથા એક નોકીયા કંપનીનો સાદો કી-પેડ વાળો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫૦૦/-તથા એક લોખંડનો સળીયો તથા એક સી.એન.જી ઓટો રીક્ષા નંબર જી.જે-૨૭ ટી.એ-૫૮૧૦ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૮૭,૪૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી નારોલ પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ-૧૧૧૯૧૦૬૫૨૧૧૩૭૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.૦૭/૦૮/૨૦૨૧



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ અનુસંધાને અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી અસામાજીક/દારૂ/જુગાર જેવી પ્રવૃતીઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે પો.ઇન્સ. ડી.વી.તડવી સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ. ભરતભાઈ ધુળાભાઈ બ.નં.૩૩૧૮ નાઓની સુચના અન્વયે અ.પો.કો ખુમાનસિહ બળદેવભાઈ બ.નં-૭૨૮૮ તથા અ.પો.કો.વજાભાઈ દેહુરભાઈ બ.નં-૧૦૩૧૭ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં-૧૨૮૩ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.પો.કો ખુમાનસિહ બળદેવભાઈ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી નં (૧) મોહમદ ઉમર સન/ઓ મકસુદભાઈ જાતે પઠાણ ઉ.વ.૩૮ રહે. મ.નં. ૩૫૮ જેઠાલાલની ચાલી બહેરામપુરા અમદાવાદ શહેર + ૦૩ = ૦૪ નાઓ લાઇટના અજવાળા નીચે ભેગા મળી ગોળ કુંડાળુ વળી ગંજી પાના પૈસાથી હારજીતનો જુગાર રમી રમતા ગંજી પાના કુલે નંગ-૫૨ કિ,રૂ.૦૦/૦૦ તથા અંગજડતીના મળેલ રોકડ નાંણા રૂપિયા ૭૦૦૦/- તથા દાવના રૂ.૩૦૭૦/- મળી કુલ્લે કિ,રૂ,૧૦,૦૭૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૩૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૩૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૪૩૯/૨૦૨૧**

સેટેલાઈટઃ જીજ્ઞેશભાઇ નગીનદાદ શાહ (રહે. શરણમ-૪, સીમા હોલ સામે, આનંદનગર સેટેલાઇટ) એ તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૧ કલાક ૧૨/૩૦ થી તા.૦૩/૦૮/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી એલ.ઈ.ડી.ટીવી નંગ-૩ અને એ.સી. નંગ-૨ મળી કુલ કિમત રૂપિયા ૧,૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.લિંબોલા ચલાવે છે.

પાકીટ ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૪૪૦/૨૦૨૧**

બાપુનગરઃ અવિનાસ મનોહરભાઈ નાઈક (ઉ.વ.૪૭) (રહે. કિરણ એપાર્ટમેન્ટ પંચાલ હોલ પાસે, અંડરબ્રીજ શાહીબાગ) તા.૦૭/૦૮/૨૦૨૧ સાજના ૫/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર ગુજરાત બોટલીંગ પાસે મણીયાર વાળી ગલી ખાતે "ઈરાકી એન્ટરપ્રાઈઝ લીમીટેડ" કારખાનાના ગેટ નજીક ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અવિનાસ નાઈકના હાથમાંથી પાકીટ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં આંગડીયા પેઢીના ઉધરાણીના કુલ રૂપિયા ૧૨,૯૨,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ અવિનાસ નાઈકએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૪૪૧/૨૦૨૧**

સેટેલાઈટઃ રાજીવ ચિમનલાલ શાહ (રહે. સમકીત બંગલો ગ્રાન્ડ ભગવતી હોટલ પાછળ બોડકદેવ) એ તા.૦૭/૦૮/૨૦૨૧ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે સેટેલાઈટ ઇસ્કોનબ્રીજ પાસે આવેલ મોડેલ હાઈટ્સ બિલ્ડીંગના કમ્પાઉન્ડની બાજુમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૨,૨૫,૦૦૦/- તેમજ જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ રાજીવ શાહ એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

દિવાલ પડતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૪૪૨/૨૦૨૧**

એલીસબ્રીજઃ એલીસબ્રીજ સ્મશાન ગૃહ પાછળ એલીસબ્રીજ ખાતે નવા બનતા મલ્ટીલેવલ કાર પાર્કિંગ ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા જોગડાભાઇ ધુળાભાઇ ડામોર (ઉ.વ.૪૨) (મુળવતન. ગામ-ભણાસીમલ તા-સંતરામપુર જી-મહીસાગર) તા.૦૫/૦૮/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે અંડર ગ્રાઉન્ડ ટાંકીનુ ખોદકામ કરતા હતા ત્યારે બાજુની દિવાલ ધસી પડતા જોગડાભાઈ ડામોર ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૩૪ વાગ્યે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પર્વતસિંહ વેચાયતભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૪૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ લીલાબહેન ભીખાભાઇ મીસ્ત્રી (ઉ.વ.૭૦) (રહે. પ્રાર્થના એલીગન્સ ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ સતીષ ભીમાભાઇ ગાંગીયા (ઉ.વ.૨૮) (રહે. ગવર્નમેન્ટ ડી કોલોની વિજયમીલ સામે નરોડા રોડ સૈજપુર બોધા) એ બિમારીથી કંટાળી તા.૦૭/૦૮/૨૦૨૧ કલાક ૬/૪૫ વાગ્યા પહેલા એન.આઇ.ડી. પાછળ રિવરફ્રન્ટ વોક-વે રેમ્પ નંબર-૩ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

સરદારનગરઃ કુબેરનગર ગુરૂકૃપા એવન્યુ રેસીડન્સી ખાતે વોચમેન તરીકે નોકરી કરતા મોહનલાલ કેશુલાલ વાધેલા (ઉ.વ.૪૫) (રહે.ભીલવાસ ઠક્કરનગર કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યા પહેલા ગુરૂકૃપા એવન્યુ રેસીડન્સી કુબેરનગર ખાતે વોચમેનની રૂમમાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી દિવ્યાબા મનુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી